# પરિષદ-પ્રમુખનો પત્ર

માત્ર ગુજરાતીનું જ નહીંપણ સર્વ ભારતીય ભાષાઓના સહિયારા હિતનો વિચાર કરવાનો સમય ક્યારનોયે થઈ ચૂક્યો છે. જ્યાં જ્યાં માધ્યમ તરીકે માતૃભાષાનું સ્થાન અંગ્રેજી લઈ રહ્યું છે ત્યાં ત્યાં સંકટ ઊભું થઈ ચૂક્યું છે. એ સંકટ માત્ર ભાષા સામેનું નહીં, એ ભાષાઓ હજાર કે તે કરતાંયે વધારે વર્ષોથી જે ઉત્તમ સંસ્કૃતિનો વારસો ઝીલતી આવી છે તે સંસ્કૃતિ સાથેનું છે. માટે પુરુષાર્થ પણ સહિયારો કરવાનો છે. જોકે આ પુરુષાર્થ સારુ કોઈના સંગાથની વાટ જોવાની જરૂર નથી. આપણે એકને એક બે થઈશું તો બેના બાવીસ પણ થશે જ. કારણ સર્વ ક્ષેત્રોમાં ઓછેવત્તે અંશે ચેતના જાગી ચૂકી છે. એક પછી એક સરિતાનો સંચય થતો જશે. તેમાંથી જ સુરસરિતા અવતરશે.

મારો આશય આંતરભારતી વિષે છે. મહારાષ્ટ્રમાં સાને ગુરુજીએ એ આંદોલનના શ્રીગણેશ કરેલા. એ આંદોલને ગુજરાતને પણ સ્પર્શ કર્યો જ છે. મહારાષ્ટ્રમાં એણે ઠીક ઠીક કાઠું કાઢ્યું હતું અને આજેય એની ધારા વહે છે.

ગુજરાતીને આન્તરભારતી બનાવી આપણે ભારતની વિવિધ ભાષાઓના ઉત્તમ સાહિત્યની શક્તિ આપણી ભાષામાં સમાવીશું. આ પ્રક્રિયા એકમાર્ગી નથી, તેથી આપણે પણ આપણી ભાષાની તાકાત અન્ય ભારતીય ભાષાઓને પૂરી પાડીશું.

આપણા દેશની ઘણીખરી ભાષાઓની એક કમજોરી એ છે કે તેમાં અંગ્રેજી ભાષામાંથી જેટલા અનુવાદો થાય છે એની સરખામણીમાં ભારતીય ભાષાઓમાંથી બહુ ઓછા થાય છે. ગુલામી કાળના એ પ્રસાદ આજે પણ આપણે મમળાવતા રહીએ છીએ. કદાચ ભારતની તમામ ભાષાઓમાંથી ગુજરાતીમાં થતા અનુવાદ કરતાં અંગ્રેજીમાંથી થતા અનુવાદો વધી જતા હશે. અંગ્રેજીમાંથી થતા અનુવાદ અંગે મારી ફરિયાદ નથી. વિશ્વને ખૂણે ખૂણેથી સુવિચાર પ્રવાહોને આપણે જરૂર આવકારીએ. પણ તેમ કરતાં પાડોશીને ભૂલી ન જઈએ. આપણી ભગિની ભાષાઓ પાસે પણ વિશ્વસાહિત્યમાં ગૌરવભેર સ્થાન પામે એવું સાહિત્ય છે. આપણે એનાથી લગભગ પૂરેપૂરા વંચિત રહી જઈએ છીએ, તે કેમ પોષાય ?

ગુજરાતીમાં ભારતીય ભાષાઓમાંથી થતા અનુવાદનો પ્રવાહ છેલ્લા બે ત્રણ દાયકામાંથી ક્ષીણ થયો છે. બંગાળી, મરાઠી અને હિંદીનું ઉત્તમ સાહિત્ય એક તળે ગુજરાતી વાચકોને મળતું રહેતું. આજે એટલું નથી મળતું, એનો અર્થ એ નથી કે એ ભાષાઓમાં ઉત્તમ સાહિત્ય લખાતું નથી. એનો સીધો ને સટ અર્થ એ જ છેકે આપણું લક્ષ એ તરફ નથી. ગ્રંથો જ નહી, સામયિકોમાં અને દૈનિક છાપાંઓમાં પણ ભારતીય સાહિત્ય આજે આવે છે એના કરતાં ઘણું વધારે આવવું જોઈએ. એનાથી આપણું સાહિત્ય જ નહીં પણ આપણું પત્રકારત્વ પણ સમૃદ્ધ થશે.

અખિલ ભારતીયત્વ ખીલવવા સમાજના ઘણા વર્ગોએ પ્રયાસ કરવો પડશે. અનુવાદનો જ દાખલો લો. ઉત્તમ ભાષાન્તરો એ માત્ર કેટલાક વિશિષ્ટ સાહિત્યકારોની ફરજ ન રહેવી જોઈએ. નવોદિત સાહિત્યકારોએ એને સારુ રીતસર તાલીમ લેવી જોઈએ. છે. દૂર દૃષ્ટિવાળા એ જોઈ શકશે કે આવા કોશો પાછળ કરેલું રોકાણ એ આગળ જતાં ઊગી નીકળવાનું છે.

આજકાલ હિંદને વિશ્વની એક 'મહાસભા' કરવાનાં સપનાં ઘણા સેવે છે. પણ મહાસત્તા



સાહિત્યિક સંસ્થાઓએ ઉત્તમ ભાષાન્તરો શીખવવાની તાલીમ આપવી જોઈએ. મહારાષ્ટ્રમાં અનુવાદ સુવિધા ટ્રસ્ટ આવી તાલીમ આપવાની ખાસ વ્યવસ્થા કરે છે, આપણે ત્યાં કેમ એમ ન કરીએ ? લાખોની સંખ્યામાં આપણા દૈનિક છાપાંઓ પણ જો ધારે તો અનુવાદ માટેની અનેક પ્રકારની સગવડો ઊભી કરી શકે. સરકાર પણ આ બાબત વિશેષ ધ્યાન આપી શકે. પણ સરકાર આખરે તો હવાડો છે. પ્રજા કૂવો છે. કૂવામાં હશે તો હવાડામાં આવશે.

આજે ભારતીયત્વ ખીલવવાની અનુકૂળતા કેટલી બધી વધી ગઈ છે ! આપણાં બધાં મોટાં શહેરો આજે બહુભાષી થઈ ગયાં છે. ગુજરાતીઓનો અન્યભાષીઓ સાથેનો સંબંધ માત્ર વેપારધંધા પૂરતો જ, કે મિત્રતાનો પણ ખરો ? આપણને એ ખબર છે ખરી કે મલયાલમ ભાષાના અનેક ઉત્તમ સાહિત્યકારો કેરળથી બહાર વસે છે ? એમાંના કોણ અમદાવાદ, સુરત, વડોદરા કે રાજકોટમાં છે એ જાણવાની આપણે કાળજી રાખી છે ખરી ? આપણને એ ખબર છે કે સુરત શહેરમાં કેટલા લાખ ઓડિયાભાષીઓ વસે છે ? ઘર આંગણે જો ભારતીયો આવ્યા હોય તો ઘર આંગણે ભારતીય સાહિત્ય કેમ નહિ ? અને દેશના કયા ખૂણામાં ગુજરાતીઓ જઈ નથી વસ્યા ? શું એ લાખોમાંના કોઈને તે પ્રદેશની ભાષાના ઉત્તમ સાહિત્યને ગુજરાત સુધી પહોંચતું કરવાનું મન નહી થાય? ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓએ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ જોડે અને એમણે પરિષદ જોડે જીવંત સંબંધ જોડવો જોઈએ. દેશના સંખ્યાબંધ શહેરોમાં ગુજરાતી સમાજ જેવી સંસ્થાઓ મોજૂદ છે. બંને બાજુ સંબંધો બાંધી શકે એના માળખા છે જ. જરૂર છે થોડી સૂઝની, થોડી મહેનતની અને ઘણી બધી કદરની. 'પરબ'ના ગ્રાહકો જરૂર વધી શકે, પરિષદનાસભ્યો જરૂર વધે. અને આગળ જતાં ભારતીય સાહિત્યની આપ લે પણ વધી શકે. આન્તરભારતીય તત્ત્વ ખીલવવા આપણા સાહિત્યકારોની અન્ય ભાષાક્ષેત્રોમાં યાત્રાઓ થઈ શકે અને આપણે ત્યાં વિશેષ આયોજનો કરીને ભારતીય સાહિત્યકારોને નિમંત્રી શકાય. આન્તરભાષાકીય મિલનો આજે થાય છે તેના કરતાં ઘણાં વધી શકે. એમાં જરૂર છે માત્ર રસ પડવાની. બાકી આપણે ત્યાં યોજકોની ખોટ નથી.

ગુજરાતી સાહિત્ય સંઘના આપણે ત્યાં ઠીક ઠીક સામયિકો છે. તેમાં જો નિયમિત રીતે અન્ય ભારતીય ભાષાનાં પુસ્તકોનો પરિચય આવતો હોય તો તે શું એના વાચકો વધાવે નહિ ? એને સારુ જરૂર છે મહેનતની અને સાતત્યની.

ગુજરાતને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સીમાઓ સ્પર્શે છે. દરેક સીમાક્ષેત્રમાં દ્વિભાષી લોકો પણ છે. દરેક સીમાક્ષેત્ર પર બોલાતી ભાષા પર બંને ભાષાઓનો પ્રભાવ પણ દેખાય છે. ભાષાના રસિયાઓ સારુ આમાંથી સંશોધનના પણ અનેક વિષયો નીકળી શકે. જરૂર છે એ ભાષાઓ પ્રત્યેના પ્રેમની.

એક વિશેષ જરૂરિયાત છે ભારતીય ભાષાઓના નાનામોટા અનેક કોશોની. આગળ જતાં ઊંડા અધ્યયનના ફળસ્વરૂપ મોટા અને સારા કોશો થાય એ મનોરથ, પણ તત્કાળ ત્યાં નાના પણ સારા કોશો થાય એ ઇચ્છનીય. કોશ વાપરનારા ઓછા હોય એ સમજાય છે તેથી એને પ્રસિદ્ધ કરવામાં પ્રકાશકોને એટલો રસ ન હોય એ પણ સમજાય છે. પણ ભારતની બધી ભાષાઓમાંથી ગુજરાતી ભાષાના નાનામોટા કોશો એ ભવિષ્ય માટેની થાપણ

એટલે શું ? જેમાં એક દેશના રાજનૈતિક કે આર્થિક નીતિનિર્ધારકો બીજા દેશો પર હકૂમત ચલાવતા હોય તે ? જ્યાં મુઠ્ઠીભર લોકો કરોડો લોકોનું ભાવિ નક્કી કરતા હોય તે ? જ્યાં ૧૦-૧૫ ટકા લોકો વિશ્વની ૮૫-૯૦ ટકા સંપત્તિનાં ઉપભોગ કરતા હોય તે ? મને એવી મહાસત્તામાં રસ નથી. એવી મહાસત્તા થવા જતાં તો ત્રીજું વિશ્વયુદ્ધ નોતરીએ અને વસુધાનો પાર વગરનો ક્ષય કરીએ. અને એવી મહાસત્તા માનવતાની સાચી પ્રગતિમાં સહાયક પણ થાય ખરી ? દેશદેશની પ્રજાઓ ઇતિહાસમાં આ પ્રકારના પ્રશ્નોના જવાબ આપી ચૂકી છે. ભારતના લોકો ચંદ્રગુપ્ત, અકબર કે ઔરંગઝેબ કરતાં તુલસી, સૂર ને કબીર વધુ જાણે છે. દુનિયામાં મહારાણી વિક્ટોરિયા કરતાં શેક્સપિયરને, નેપોલિયન કરતાં હ્યૂગોને, ઝાર કરતાં ટોલ્સ્ટોય કે દોસ્તોએવસ્કીને વધુ ને વધુ સંભારે છે. મને એવી સત્તામાં રસ છે જે લોકોના હૃદય પર રાજ કરતી હોય.

જે દેશની પ્રજાને પોતે 'અમૃતસ્યઃ પુત્રાઃ' હોવાનો સંસ્કાર મળેલો છે તે દેશ મહાસત્તા બને તો તે જનગણના મનની અધિનાયક બનશે. એની નસોમાં વ્યાસ-વાલ્મીકિ, શુક સનકાદિક દક્ષિણના આચાર્યો અને સંતો, ભક્તો – સૂફીઓ, શંકર દેવ – માધવ દેવ, ચૈતન્ય, નાનક, દાદૂ, રોઈદાસ, જ્ઞાનેશ્વર, તુકારામ, તુલસી સૂર નરસિંહ મીરા આદિનો, રામકૃષ્ણ વિવેકાનંદ, શ્રી રમણ મહર્ષિ, શ્રી અરવિંદ અને ગાંધીનો વારસો વહેતો હશે.

એવી સત્-તા – એવી શુભ શક્તિ – બનવા કાજે આપણે સૌએ મોટા બનવું પડશે. આપણાં કુંડાળાંઓ તોડીને, ભેદોની ભીંતોને ભાંગીને, આપણી બાંહો ખોલીને પહેલા સાચા ગુજરાતી, પછી સાચા ભારતીય પછી સાચા વિશ્વનાગરિક બનવું પડશે. ઉપર જણાવ્યા તે તો એને માટેનાં કેટલાક નક્કર પગલાં જ છે. યાત્રા લાંબી છે, પરંતુ પગલે પગલે જ યાત્રા સંપન્ન થાય છે.

**નારાયણ દેસાઈ**

❒